| RECEIVED ON | 22-05-2026 | |
| --- | --- | --- |
| REGISTERED ON | 22-05-2026 | |
| DECIDED ON | 27-05-2026 | |
| DURATION | | |
| YEAR: - | MONTH: - | DAYS: 05 |

**નામદાર શ્રી ચોથા અધિક સેશન્સ જજ સાહેબની અદાલતમાં,**
**ભુજ–કચ્છ.**
**૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦–૦**

**આંક:–૮**

**<u>ફોજદારી પરચુરણ અરજી નંબર ૬૭૨/૨૦૨૬</u>**

**કરશન ઉર્ફે કિશન મુરજી મેરીયા**
ઉ.વ.૩૨,ધંધો–વણાટકામ
રહે.અવધનગર,કુકમા,તા.ભુજ–કચ્છ.
હાલે જયુડીશીયલ કસ્ટડી,
પાલારા ખાસ જેલ,
ભુજ–કચ્છ. :::::::::::::::::: **અરજદાર/આરોપી.**

વિરૂધ્ધ

**શ્રી સરકાર**
મારફતે
જિલ્લા સરકારી વકીલ શ્રી
ભુજ–કચ્છ. :::::::::::::::::: **સામાવાળા.**

**બાબત:–**દિન–૩૦(ત્રીસ) નાં વચગાળાનાં જામીન
મળવા અંગે..
–––––––––––––––––––––

(N.P. Radia)
4th Addl. Sessions Judge, Bhuj

**<u>અરજદાર/આરોપી તરફે વિ.વકીલ શ્રી આર.એસ.ગઢવી.</u>**

**<u>સામાવાળા /શ્રી સરકાર તરફે વિ.એ.પી.પી.શ્રી ડી.જે.ઠકકર.</u>**

**::- <u>ઠ રા વ</u> ::-**

(૧) અરજદાર/આરોપીએ હાલની જામીન અરજી દિન-૩૦ (ત્રીસ) માટે વચગાળાનાં જામીન ઉપર મુકત કરવા માટે દાખલ કરેલ છે. અરજદાર/આરોપી સામે પધ્ધર પોલીસ સ્ટેશન ગુના રજીસ્ટર નંબર :- ૧૧૨૦૫૦૪૪૨૪૦૪૭૯/૨૦૨૪,સેશન્સ કેસ નંબર ૧૦૮/૨૦૨૪, બી.એન.એસ.ની કલમ-૧૦૩(૨),૧૧૫(૨),૧૧૭(૨),૩૫૧(૩),૧૮૯ (૪),૧૯૦,૧૯૧(૩) તથા જી.પી.એકટની કલમ-૧૩૫ મુજબનાં ગુન્હાનો આક્ષેપ છે.

(૨) અરજદાર/આરોપી તરફે તેમના વિ. વકીલશ્રી આર.એસ. ગઢવીએ અરજી મુજબની દલીલ કરતા જણાવેલ છે કે,અરજદાર/આરોપીને જયારથી અટક કરવામાં આવેલ છે ત્યારથી જયુડીશીયલ કસ્ટડીમાં છે તેમજ તેઓ વિરુધ્ધ ચાર્જશીટ પણ દાખલ થઈ ગયેલ છે.જે સેશન્સ કેસ નં.૧૦૮/ ૨૦૨૪ થી દાખલ થયેલ છે અને તે કેસ હાલમાં પુરાવાનાં સ્ટેજ પર પેન્ડીંગ છે.વધુમાં હાલની અરજી કોઈ પણ મેરીટ ઉપર કરવામાં આવેલ નથી માત્રને માત્ર માનવતાનાં ધોરણે કરવામાં આવેલ છે.અરજદાર/આરોપીએ જેલમાંથી રહીને જનરલ હોસ્પીટલમાં સારવાર કરાવેલ તેમાં જાણવા મળેલ કે આ કામના અરજદાર/આરોપીને હર્નીયા(સારણગાઠ) છે અને સારવારમાં કોઈ ફેર ન પડતા અરજદાર/આરોપીએ ઓપરેશન કરાવવા માટે વચગાળાની જામીન અરજી કરેલી જે શરતોને આધીન મંજુર થયેલ જેથી અરજદાર/આરોપીએ તા.

૨૪/૨/૨૬ ના રોજ જનરલ હોસ્પીટલ ભુજ મધ્યે દવા લીધેલ ત્યાં ડોકટર સાહેબે જણાવેલ કે ઓપરેશન પહેલા ત્રણ ડોસ લેવા પડશે જેથી અરજદાર/આરોપીએ આ અગાઉ વચગાળાની જ્યારે જામીન અરજી કરેલી હતી ત્યારે એક ડોઝ લીધેલ હતો અને બાદમાં અરજદાર/આરોપીએ જેલમાં રહીને બાકીના ડોઝ લીધેલ પરંતુ તેનાથી કોઈ ફરક પડેલ નહી અને પેટમાં દુખાવો થાય છે જેથી દવા લેવી જરૂરી છે અને જો સમયસર સારવાર ન કરાવે તો અરજદાર/આરોપીને વધુ તકલીફ થાય તેવી શકયતા છે તેમજ આ કામના અરજદાર/આરોપીના મેડીકલ પેપર્સ જેલમાંથી આપતા ન હોવાથી રજુ કરેલ નથી.વધુમાં, આ કામના અરજદાર/આરોપીએ અગાઉ ઘણી વખત વચગાળાના જામીન માંગેલા છે અને તે શરતોને આધીન મંજુર થયેલા છે અને ત્યારે અરજદાર/આરોપીએ એકપણ શરતોનો ભંગ કરેલ નથી જે હકીકત ધ્યાને લઈ હાલની વચગાળાની જામીન અરજી મંજુર કરવા વિનંતી કરેલી છે.

(૩) સરકાર પક્ષે વિ.એ.પી.પી.શ્રી ડી.જે.ઠકકરે તપાસ કરનાર અમલદારનું જે રીપોર્ટ રજુ થયેલ છે તે રીપોર્ટ તેમજ રીપોર્ટની સાથે સાધનીક કાગળો પણ રજુ રાખેલા છે.જે તમામ વંચાણે લેવામાં આવેલ છે.વધુમાં, શ્રી ઠકકરે ભારપુર્વકની દલીલ કરતાં જણાવેલ છે કે, આરોપી વિરુધ્ધ સાપરાધ મનુષ્ય વધને લગતો ગંભીર પ્રકારના ગુનાનો આક્ષેપ છે તેમજ હાલના કામનું રેકર્ડ જોતાં મોટા ભાગના સાહેદોનો પુરાવો પુર્ણ થઈ ગયેલ છે ત્યારે અરજદાર /આરોપીએ માત્ર અને માત્ર ટ્રાયલ લંબાણે પાડવા સારૂ હાલની અરજી કરેલી છે અને જો અરજદાર/આરોપીની હાલની અરજી કરવામાં આવશે તો ટ્રાયલ વિલંબમાં પડે તેવી શકયતા છે.વધુમાં, અરજદાર/આરોપીએ આ અગાઉ પણ

(N.P. Radia)
4th Addl. Sessions Judge, Bhuj

આ પ્રકારના કારણોસર ઘણી વખત વચગાળાની જામીન અરજીઓ કરેલી છે અને તે મંજુર પણ થયેલ છે તેમ છતાં અગાઉની જામીન અરજીઓમાં જે કારણો દર્શાવેલ છે તે જ કારણો હાલની જામીન અરજીમાં દર્શાવેલા છે.જેથી ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લઈ અરજદાર/આરોપીની હાલની જામીન અરજી મંજુર થવા પાત્ર જણાઈ આવતી ન હોય જામીન અરજી નામંજુર કરવા વિનંતી કરેલી છે.

(૪) બન્ને પક્ષકારોની દલીલો ધ્યાને લીધી તથા રજુ કરવામાં આવેલા તમામ દસ્તાવેજી આધારો ધ્યાને લીધા. અરજદાર/આરોપી હાલમાં પધ્ધર પોલીસ સ્ટેશન ગુ.ર.નં.૧૧૨૦૫૦૪૪૨૪૦૪૭૯/૨૦૨૪,બી.એન.એસ. ની કલમ –૧૦૩(૨),૧૧૫(૨),૧૧૭(૨),૩૫૧(૩),૧૮૯(૪), ૧૯૦,૧૯૧(૩) તથા જી.પી.એકટની કલમ–૧૩૫ મુજબના ગુન્હાનાં કામે જયુડીશીયલ કસ્ટડીમાં છે.આ કામનાં આરોપી વિરૂધ્ધ એવો આક્ષેપ છે કે, આ કામનાં આરોપીઓ બનાવ તારીખે ફરિયાદીના રહેણાંક મકાને ધોકા તથા લોખંડના પાઈપ અને છરી સાથે જઈ હાલના આરોપીની ભત્રીજી આરતી હરજી મેરીયાના નામની ચીઠી તેમના ઘરે કોઈ નાખી જતું હોઈ તે વાતનું મનદુ:ખ ફરિયાદી ઉપર રાખી ફરિયાદીનાં માતા પિતાને લોખંડનાં પાઈપ અને લાકડાનાં ધોકા વડે માર મારી શરીરે અલગ અલગ જગ્યાએ ઈજાઓ કરી જેમાં ફરિયાદીનાં પિતાને ડાબા હાથમાં ફ્રેકચરની ઈજા કરી અને ફરિયાદીને આરોપીઓએ લાકડા તથા લોખંડના પાઈપ વડે ઈજા કરી અને ફરિયાદીનાં નાના ભાઈને અન્ય આરોપીઓએ પકડી રાખી અને હાલનાં આરોપીએ છરી વડે પેટ તથા છાતીનાં ભાગે તથા માથાનાં ભાગે જીવલેણ ઈજાઓ કરી અને અન્ય આરોપીએ લોખંડનાં પાઈપ વડે શરીરે માર મારી મોત નિપજાવી દઈ અને આરોપીઓએ

(N.P. Radia)
4th Addl. Sessions Judge, Bhuj

ફરિયાદી તથા તેના પરિવારને કહેલ કે, આજે તો રમેશને મારી નાખ્યો છે પરંતુ બીજીવાર આરતીનું નામ લેશો તો તમને પણ જાનથી મારી નાખશું તેવી ધમકી આપી હથિયાર બંધીના જાહેરનામાનો ભંગ કરી મદદગારી કરી ગુન્હો કર્યાનો આક્ષેપ છે.હવે, આ કામે અરજદાર/આરોપી તરફે હાલની અરજી મેડીકલ કારણોસર દિન−૩૦ ના વચગાળાના જામીન મેળવવા દાખલ કરેલી છે.વધુમાં, આ કામે તપાસનીશ અધિકારી તરફથી રજુ થયેલ રીપોર્ટ તથા પોલીસ પેપર્સ વંચાણે લેવામાં આવેલ છે તેમજ તેઓએ રજુ કરેલ મેડીકલ પેપર્સ પણ ધ્યાને લીધેલ છે.વધુમાં, અરજદાર/આરોપીએ આ અગાઉ પણ આ જ કારણોસર અત્રેની કોર્ટ ધ્વારા છ વખત વચગાળાના જામીન પર મુકત કરવામાં આવેલ છે.જેની વિગત નીચે મુજબ છે.

| ક્રમ | ફો.પ.અ.નં. | હુકમની તારીખ |
|---|---|---|
| ૧ | ૬૮૪/૨૦૨૫ | ૨૩/૦૫/૨૦૨૫ |
| ૨ | ૭૭૭/૨૦૨૫ | ૧૩/૦૬/૨૦૨૫ |
| ૩ | ૯૧૪/૨૦૨૫ | ૧૧/૦૭/૨૦૨૫ |
| ૪ | ૧૧૮૧/૨૦૨૫ | ૨૮/૦૮/૨૦૨૫ |
| ૫ | ૧૨૯૪/૨૦૨૫ | ૧૮/૦૯/૨૦૨૫ |
| ૬ | ૨૧૬/૨૦૨૬ | ૧૬/૦૨/૨૦૨૬ |

આમ,ઉપરોકત સંજોગોમાં આરોપીએ એક વર્ષમાં છ વખત અત્રેની અદાલત ધ્વારા એક જ કારણોસર વચગાળાના જામીન પર મુકત કરેલ હોય તેમજ હવે ટ્રાયલ પણ પુર્ણતાના આરે હોય, આરોપીને અરજીમાં રજુ કરેલ કારણોસર વચગાળાના જામીન પર મુકત કરવાનું ન્યાયોચિત જણાતું ન હોય ન્યાયના હીતમાં નીચે મુજબનો હુકમ કરવામાં આવે છે.

**::− <u>હુકમ</u> ::−**

(N.P. Radia)
4th Addl. Sessions Judge, Bhuj

(૧) અરજદાર/આરોપી **કરશન ઉર્ફે કિશન મુરજી મેરીયા,** ઉ.વ.૩૨, રહે.અવધનગર,કુકમા, તા.ભુજ–કચ્છ. હાલે.જયુ.કસ્ટડી ખાસ જેલ પાલારા, ભુજનાંઓની વચગાળાના જામીન ઉપર મુકત થવાની અરજી આથી **નામંજુર** કરવામાં આવે છે.

હુકમ આજરોજ તા:–૨૭ માહે મે સને ૨૦૨૬ નાં રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવીને મારી સહી કરીને જાહેર કરવામાં આવ્યો.

તા.૨૭/૦૫/૨૦૨૬
ભુજ–કચ્છ.

**(એન.પી.રાડીઆ)**
ચોથા અધિક સેશન્સ જજ
ભુજ – કચ્છ.
GJ00621

*NANDISH*

(N.P. Radia)
4th Addl. Sessions Judge, Bhuj